# પાલનપુર નગરપાલિકા દ્વારા નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાયેલ નિવારાત્મક પગલાઓ

- નગરપાલિકા દ્વારા નગરપાલિકાના કર્મચારી, શિક્ષક,પોલીસના કર્મચારી ,આરોગ્યખાતાના કર્મચારી સાથે રહી આવી ૫ ટીમોનુ ગઠન કરી વોર્ડ વાઈઝ ઘરે ઘરે જઇ નોવેલ કોરોના વાયરસ અંગે તેમજ સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉનના મહત્વ અંગે સમજણ પુરી પાડવામાં આવે છે તેમજ કોરોના વાઇરસના સંક્રમણ પર નિયંત્રણ મેળવવા રાખવાની થતી જરુરી તકેદારી વિષે સમજણ પુરી પાડવામાં આવે છે.
- હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલ ઘરો પર મકાન ક્વોરન્ટાઈન હેઠળ હોવા અંગેના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. વધુમાં આવા મકાનોની ટીમો દ્વારા દૈનિક ૨ વખત મુલાકાત લઈ તેઓને કોઈ તકલીફ હોય તો તે અંગે પૂછ-પરછ કરી નિરાકરણ કરવામાં આવે છે તથા ક્વોરન્ટાઈન સમય દરમિયાન તાવ શરદી કે ખાંસી જેવા કોઈ લક્ષણો જણાય છે કે કેમ તે અંગેની દૈનિક વિગતો મેળવવામાં આવે છે. જિલ્લાની અન્ય ૫ નગરપાલિકાઓ સાથે સંકલનમાં રહી તેઓની દૈનિક વિગતો મેળવી જિલ્લા વહીવટી તંત્રને મોકલવામાં આવે છે.







**બને તેટલુ ઘરમાંથી બહાર ઓછા  નીકળીએ અને કોરોનાથી આપણને અને અન્યોને પણ બચાવીએ.**

# પાલનપુર નગરપાલિકા દ્વારા નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાયેલ નિવારાત્મક પગલાઓ

- લોકડાઉન હેઠળના જુદા જુદા વિસ્તારોમાં આવશ્યક સેવાઓની ખુલ્લી રહેતી દુકાનોની રૂબરૂ મુલાકાત લઈ દુકાનો આગળ ૧-૧ મીટરના અંતરે સર્કલ બનાવાવામાં આવ્યા તેમજ ગ્રાહકો તે મુજબ સોશિયલ ડિસ્ટાન્સીંગ જાળવી રાખે તે અંગેની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વેપારીઓને સૂચના આપવામાં આવેલ છે.







- પાલનપુર શહેરના કરિયાણાના વેપારીઓ સાથે ચર્ચા વિચારણા કરી કરિયાણાની જીવન જરુરીની આવશ્યક ચીજવસ્તુઓની કોઇ પણ વધારાના ચાર્જ વગર હોમ ડીલીવરી કરવા સમજુત કરેલ છે જે અંગે વેપારીઓએ સંમત થયા છે તેમજ શાકભાજી/ફળ વિક્રેતાઓને અલગ અલગ વિસ્તારોમાં વહેચાઈ જઇ વેચાણ કરવા સૂચના આપેલ છે જેથી નાગરિકોને તેઓનો વિસ્તાર છોડી બહાર ના નીકળવું પડે.
- માન.કલેક્ટરશ્રી , માન.જિલ્લા પોલીસવડાશ્રી સાથે રહી પાલનપુર શહેરમાં જુદી -જુદી જગ્યાએ અન્ન પુરવઠો તેમજ દવાઓનો જથ્થો પુરતાં પ્રમાણમાં છે કે કેમ તેનો રૂબરુ જઈને સર્વે કરવામાં આવેલ છે.





**બને તેટલુ ઘરમાંથી બહાર ઓછા નીકળીએ અને કોરોનાથી આપણને અને અન્યોને પણ બચાવીએ.**

# <u>પાલનપુર નગરપાલિકા દ્વારા નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાયેલ નિવારાત્મક પગલાઓ</u>

- પાલનપુર નગરપાલિકાના કર્મચારીઓની ટીમ દ્વારા જાહેર માંર્ગો તેમજ જગ્યાઓ પર થૂંકતા પકડાયેલ નાગરિકો પાસેથી દંડ વસુલ કરી અન્ય નાગરિકો દ્વારા તેમ ન કરવામાં આવે તે અંગેની સુચના આપવામાં આવે છે.
- પાલનપુર નગરપાલિકાના તમામ વોર્ડમાં રસ્તાઓ તથા જાહેર જગ્યાઓ પર  ઉપર સોડિયમ હાઇપોક્લોરાઈડનો ફાયર ફાઇટર દ્વારા છંટકાવ કરી તેમજ ફોગીંગ મશીન ધ્વારા રસ્તાઓ તથા જાહેર જગ્યાઓ સેનીટાઈઝ કરવામાં આવ્યા છે.
- વોર્ડ વાઇઝ કચરાનુ ડોર ટુ ડોર કલેક્શન તેમજ રોડ સ્વિપિંગની કામગીરી દૈનિક કરવામાં આવી રહેલ છે. વધુમા ક્વોરન્ટાઇન કરાયેલા ઘરોનો કચરો અલગાથી કલેક્ટ થાય તેવી વ્યવસ્થા કરેલ છે.
-  



**પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં દવા છંટકાવની કામગીરી હાથ ધરાઈ**

(સંજય જોષી)

<u>રખેવાળ ન્યુઝ પાલનપુર</u>

કોરોના વાયરસના પગલે બનાસકાંઠા જિલ્લાની તમામ નગર પાલિકા વિસ્તાર માં દવા છંટકાવ તેમજ સેનેટાઈજ કરવા અને કચરાનું કલેક્શન કરી કચરા પેટી અને ડોર ટુ ડોર આવતા ટ્રેકટરમાં નિકાલ કરવા પાલિકાને સૂચના અપાઈ છે.

કોરોના વાયરસને લઈ સમગ્ર ભારતને લોક ડાઉન કરવામાં આવ્યુ છે.જેના પગલે પાલનપુર શહેરમાં સ્વચ્છતા જળવાઇ રહે અને વધુ રોગ ન ફેલાય તે માટે નગરપાલિકા ટીમ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારની સફાઇ કરી દવાનો છંટકાવ અને ફાયર ફાયટરના માધ્યમથી શહેરના વિસ્તારોને સેનેટાઈજથી દવાનો છંટકાવ કર્યો હતો.

આ અંગે ચિફ ઓફીસરએ જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસના પગલે જિલ્લાની તમામ નગરપાલિકાના શહેરી વિસ્તારોને સેનીટાઇજ કરવા સુચના અપાઇ છે.જેના પગલે પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં સફાઇ કરી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ઘરનો કચરો એકત્ર કરી ડોર ટુ ડોર આવતા કચરાના ટ્રેક્ટરમાં યોગ્ય રીતે નિકાલ કરવા લોકોને અપીલ કરાઈ છે.



- નગરપાલિકા હદવિસ્તારમાં આવેલ હોટલોની રુબરુ મુલાકાત લઇ  હોટલમાં રોકાયેલ વ્યક્તિઓનો કોરોના વાયરસ સંબંધિત સર્વે કરવામાં આવેલ છે.

**બને તેટલુ ઘરમાંથી બહાર ઓછા  નીકળીએ અને કોરોનાથી આપણને અને અન્યોને પણ બચાવીએ.**

# પાલનપુર નગરપાલિકા દ્વારા નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાયેલ નિવારાત્મક પગલાઓ

- કોરોના વાયરસની મહામારીના સમયમાં પાલનપુર શહેરને સ્વચ્છ રાખવા અવરિત કામ કરતા નગરપાલિકાના સફાઇ કામદારોના આરોગ્યને ધ્યાનમા રાખી નગરપાલિકા ધ્વારા ડેટોલ સાબુ, હેન્ડ ગ્લોવ્ઝ, સેનીટાઇઝાર, કોટન ફેસ માસ્કની ૫૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યુ.વધુમાં સફાઇ કામદારો માટે દૈનિક સુકો નાસ્તો મળી રહે તે અંગેની વ્યવસ્થા નગરપાલિકાએ ઉપલબ્ધ કરાવેલ છે.





- પાલનપુર શહેરને પુરા પડાતા પાણીનુ ક્લોરીનેશન કરવામા આવી રહેલ છે તેમજ દૈનિક ધોરણે પાણીનુ સેમ્પલ ટેસ્ટીંગ પણ કરવામાં આવે છે.
- પાલનપુર નગરપાલિકાના કોર્પોરેટર્શ્રી ધ્વારા શ્રી ગણેશ યુવક મંડળ,પરિવર્તન ફાઉન્ડેશન, જલારામ મંદિર ટ્રસ્ટ, શિવા ગ્રુપ, રામ રોટી વિગેરે જેવી સેવા ભાવી સંસ્થાઓ સાથે સંકલનમાં રહી અંદાજિત દૈનિક ૭૦૦૦ લોકોનુ સવાર-સાંજનુ જમવાનું તેમજ ૭૦૦ જેટલી રાશનની કીટનુ વિતરણ કરવામાં આવેલ છે.
- સમાજની વાડીઓ, પાર્ટી પ્લોટ, વૃધ્ધાશ્રમ, મંદિરો,મસ્જિદો, કિરાણા સ્ટોર, શોપીંગ મોલ વિ.ને પત્ર ધ્વારા જાહેર જગ્યાએ લોકો ભેગા ન થાય તેની સાવચેતી રાખવા અપીલ કરેલ છે.





- કોરોના વાયરસની મહામારીના આ કપરા સમયમાં નગરજનોના હિતને ધ્યાનમાં રાખી નગરપાલિકા કક્ષાએ ૨૪*૭ કંટ્રોલ રુમ ચાલુ કરેલ છે.

**બને તેટલુ ઘરમાંથી બહાર ઓછા  નીકળીએ અને કોરોનાથી આપણને અને અન્યોને પણ બચાવીએ.**